નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની
વર્ગ-૩ની જગ્યાઓની કામગીરી આઉટસોર્સથી
મેળવવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2023/0389/A Section
તા:૧૬/03/૨૦૨૪

**વંચાણે લીધા**:-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૧૦/૦૭/૨૦૨૩ નો સમાનાંકી ઠરાવ
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૦૧/૦૯/૨૦૨૩ નો પત્રાંક: DDCW/0100/08/2023

**આમુખ**:-

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧)ના ઠરાવથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની વર્ગ-૩ની જગ્યાઓ - મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની ૩૭ જગ્યાઓ, સમાજ કલ્યાણ નિરીક્ષકની ૪૩ જગ્યાઓ, સીનીયર કલાર્કની ૧૮ જગ્યાઓ અને જુનીયર ક્લાર્કની ૩૦ જગ્યાઓ મળીને કુલ ૧૨૮ જગ્યાઓની સેવાઓ પર નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય અથવા મુદત પૂર્ણ થયા તારીખથી વધુ ૧૧ માસ- બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી માન્ય નિયત એજન્સી મારફત આઉટસોર્સીંગથી કામગીરી મેળવવાની મંજૂરી આપવામાં આવેલ જેની મુદ્દત તા: ૧૦/૦૧/૨૦૨૪ના રોજ પૂર્ણ થયેલ છે.

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની ૧૦૨ જગ્યાઓ, સમાજ કલ્યાણ નિરીક્ષકની ૨૨૩ જગ્યાઓ, સીનીયર કલાર્કની ૧૧ જગ્યાઓ અને જુનીયર કલાર્કની ૪૦ જગ્યાઓ પર નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય અથવા ૧૧ માસ- બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આઉટસોર્સિંગથી માનવબળ મેળવવા માટે મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**: -

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકના વર્ગ-૩ના વિવિધ સંવર્ગો - મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીની ૧૦૨ જગ્યાઓ, સમાજ કલ્યાણ નિરીક્ષકની ૨૨૩ જગ્યાઓ, સીનીયર કલાર્કની ૧૧ જગ્યાઓ અને જુનીયર કલાર્કની ૪૦ જગ્યાઓ પર નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય અથવા ૧૧ માસ- બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી નીચેની શરતોને આધીન માન્ય નિયત એજન્સી મારફત આઉટસોર્સીંગથી કામગીરી મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો**:-

1. આઉટ સોર્સથી સેવા લેવા અંગેની વહીવટી મંજુરી મળ્યા બાદ નિયત માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત સેવાઓ લેવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

2. આઉટ સોર્સની જગ્યાઓની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યાર બાદ જરૂર જણાયે, નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
3. રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારો, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.
4. એજન્સી દ્વારા નિયમિત મહેનતાણુ નિયત થયા મુજબ પુરેપુરૂ ચૂકવવામાં આવે તે અંગે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણે યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી પણ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.
5. મહેનતાણાના દરો કેંદ્રીય યોજના હેઠળ નિયત થયેલ હોય તો તે મુજબ અન્યથા સેવા સંબંધિત વિભાગના પરામર્શમાં નિયત કરી તેના આધારો સાથે નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવી ચુકવવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
6. આઉટ સોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
7. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
8. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએથી તા:૧૯/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હરિત આર. દોશી)
સેક્શન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

<u>નકલ રવાના:</u> (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)
- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી (ખર્ચ – નાણા વિભાગ) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર / અમદાવાદ
- સિલેક્ટ ફાઇલ - ૨૦૨૪